જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૨/૨૦૧૭ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૫૧૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૬૮ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૨ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૦૨ ઓટોરીક્ષા અને ૦૧ એક્ટીવા કબજે કર્યુ હતુ તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૨૯૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૫૧૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૨૫૨૦/૧૭**

**ક્રાઇમબ્રાન્ચ :** મિતેષભાઇ કીરીટભાઇ પટેલ (ઉ.વ.૪૩)(રહે,ઉગતી પ્લેટીનમ, સાગર સંગીત ફ્લેટની પાછળ, સાયન્સ સીટી, સોલા) એ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે જાન્યુઆરી/૨૦૧૭ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) વિવિયન સેટ મો.નં. +447424551086 ઇમેલ આઇડી vivanset703@yahoo.com (૨) મોર્ગન મોરીસ +447541188775 (૩) રાજેશ શર્મા મો.નં.7262880095 તથા ઇમેલ આઇડી rajeshsharmatraders50@gmail.com તથા (૪) બેંક ઓફ ઇન્ડીયા ખાતા ધારક આર.બી.ટ્રેડર્સના નામનું બેંક એકાઉન્ટ નંબર601820110000598 નેહરૂ પ્લેસ ન્યુ દિલ્હી શાખા નાં ધારકે ભેગામળી પુર્વ આયોજીત કાવતરૂ ઘડી, ઈ-મેલ આઈડી તેમજ કંપનીનું નામ જણાવી, મિતેષભાઇને હર્બલ સીડસ સેલર રાજેશ શર્મા પાસેથી લઈ, ભારત દેશ બહાર વેચી, તે અંગેના કમીશનની લાલચ આપતી વાતો કરી, તેમજ ઈ-મેલ કરી મિતેષભાઇને વિશ્વાસમાં લઈ ઈન્ટરનેટ માધ્યમથી બેંક એકાઉન્ટમાં મિતેષભાઇ ના કુલ રૂપિયા ૧,૨૭,૫૦૦/- મેળવી લઈ, મિતેષભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોઇ.શ્રી પી.જી.સરવૈયા ચલાવે છે.

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.૨૫૨૧/૧૭**

**વાસણા :** જયવીર દિલીપકુમાર મહેતા (રહે.શીવાલય બંગ્લોઝ સરકારી ટ્યુબવેલ રોડ બોપલ) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૧૨/૧૭ ના કલાક ૩/૦૦ થી તા.૦૯/૧૨/૧૭ નાં કલાક ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પાલડી શ્રેયસ ક્રોસીંગ પાસે આવેલ આયોજનનગર ખાતે જયવીરભાઇનાં બંગલા નંબર ઇ/૧૪ મકાન ના ઉપરના માળે આવેલ બાલ્કનીની લોખંડની જાળીનું લોક તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, બેડરૂમના લાકડાના કબાટના ડ્રોવરોમાંથી રોકડા રૂપીયા ૧,૩૮,૦૦૦/- તથા ઘરમાંથી સોના-ચાંદીના દાગીના (જેના વર્ણન કે કિંમત ની ખબર નથી તે) ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એસ.બી.ચૌધરી ચલાવે છે.

**સોનાની કંઠી ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૫૨૨/૧૭**

**ઇસનપુર :** રાજેશભાઈ મોહનભાઈ પટેલ (ઉ.વ.૫૪)(રહે,ઘનશ્યામનગર ઘોડાસર કેનાલ રોડ ઘોડાસર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ઘોડાસર બી.આર.ટી.એસ. બસ સ્ટોપ નજીક રોડ ઉપર એક કાળા કલરનાં નંબર પ્લેટ વગરનાં મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા ઇસમોએ રાજેશભાઇના પાડોશી પુષ્પાબેન પ્રભાશંકરભાઈ કંસારાના ગળામાંથી સોનાની તુલસીની કંઠીની માળા કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૨૫૨૩/૧૭**

**ખોખરા :** કમલ જયકાંત કવન્ડર (ઉ.વ.૨૪)(રહે,ભગવાનદાસની ચાલી ભાઇપુરા ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧૨/૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે નાઝરથ કોલોની આગળ, ભાઇપુરા ચાર રસ્તા હાટકેશ્વર તરફ જતા રોડ ઉપર પોતાની સી.એન.જી. ઓટોરીક્ષા નંબર જીજે.૦૧.ડી.ટી.૪૫૧૬ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી જેની ચોરી તા.૧૫/૧૨/૧૭ સવાર ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી સી.આર.સોલંકી ચલાવે છે.

**ધાબા ઉપરથી પડી જતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૫૨૪/૧૭**

**સરદારનગર :** રાજુભાઇ મંજીભાઇ મકવાણા (રહે,ખોડીયારનગર વિભાગ-૩ સરકારી સ્કુલ ની પાછળ નોબલનગર સરદારનગર) તા.૧૪/૧૨/૧૭ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે કુબેરનગર સંતોષીનગર ની બાજુમાં ઉમા સ્કુલની પાસે, મધુબન સોસાયટી માં કડીયાકામ કરતા હતા દરમ્યાન ધાબા ઉપરથી પડી જતા, માથા ના ભાગે ગંભીર ઇજાઓ થતા, સારવાર અર્થે તેમને સિંધુ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૧૨/૧૭ રાતના ૯/૪૫ વાગે તેમનું મૃત્યુનિપજ્યુ હતુ આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી નોબલનગર ચોકી નાઓ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.